# શહેરમાં ગરમીનુ રૌદ્ર સ્વરૂપ

**મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક પહોંચી ગયુ : આકરી ગરમીથી નગરજનો બેબાકળા : દિવસે આકાશમાંથી અંગારા વરસ્યા :ગરમીની અસરથી સન્નાટો : હીટવેવથી બચવા ઘરની બહાર ન નિકળવા સલાહ**



ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. છેલ્લા ૧૦ દિવસથી ગરમીનો પારો સતત ઉંચે ચઢતા શહેરીજનો આક્રમક ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૨ ડીગ્રી પહોંચ્યો હતો. જયારે આજે પણ ગરમીના પારાની દોટ જારી રહેતા તાપમાન ૪૪ ડીગ્રી નજીક પહોંચી ગયુ હતુ. સિઝનની મહત્તમ ગરમી ૪૪.૧ ડિગ્રી રહી હતી. જયારે આજે પણ સિઝનનો ગરમ દિવસ રહ્યો હતો. મહત્તમ તાપમાન ૦.૬ ડીગ્રી વધીને ૪૩.૮ પહોંચી ગયુ હતુ. ગરમીએ ઉગ્ર મિજાજ દાખવતા સવારથી જ અસહ્ય તાપ અનુભવતા નગરજનોએ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમી અનુભવી હતી. બપોરના સમયે પણ આકરી ગરમી ટોક ઓફ ધ ટાઉન રહી હતી.

ગાંધીનરમાં આ વર્ષે ગરમીની સિઝન વધુ આકરી પુરવાર થઈ છે. ગરમીનો પારો સતત ઉંચે રહેતા શહેરીજનો માટે ઉનાળો વધુ આકરો પુરવાર થઈ રહ્યો છે. ગત માર્ચ મહીનાથી ગરમીનો મિજાજ નિખર્યો હતો. શરૂઆતથી જ આક્રમક ગરમી પડતા નગરજનોને આક્રમક ગરમીનો પરચો મળી ગયો હતો. ગરમીની સિઝન શરૂ થયા બાદ બે વખત વાતારવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન ગગડયુ હતુ. પરંતુ ગરમી બે ચાર દિવસમાં જ તેના અસલ મિજાજમાં આવી ગઈ હતી. આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. ગરમીથી બચવા માટે સેકટરવાસીઓ રજાના દિવસોમાં ઘરમાં પુરાયેલા જ રહેવાનુ પસંદ કરે છે. જયારે દિવસ દરમિયાન નગરમાં ગરમીની અસરથી સન્નાટો છવાયેલો જોવા મળે છે. શહેરના શોપિંગ બજારોમાં પણ બપોરના સમયે ગરમીની અસરથી બચવા કેટલાક વેપારીઓ દુકાનો બંધ કરી દે છે. આજે ગરમીએ હદ વટાવતા સવારથી જ નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી. વધતી ગરમીથી બચવા તડકામાં ન નિકળવા માટે પણ તબીબોએ સલાહ આપી છે. આક્રમક હીટવેવના લીધે જનઆરોગ્ય પર

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં શાળા કોલેજોમાં નવરાત્રી વેકેશન જાહેર કરાયું

**વિદ્યાર્થીઓ અને વાલીઓને ધ્યાનમાં રાખી રાજય સરકારે નિર્ણય લીધો : દિવાળીમાં ૧૩ દિવસનુ વેકેશન રહેશે : તા ૩૦ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર શાળા કોલેજોમાં નવરાતનુ વેકેશન**

ગાંધીનગર તા ૨૮

નવલી નવરાતમાં નવદુર્ગાની ઉપાસના સાથે ખૈલૈયાઓને ગરબે ઘુમવાનો અનેરો ઉત્સાહ હોય છે. સમગ્ર રાજયમાં નવરાત પર્વની ઉજવણી ભવ્ય અને પારિવારિક માહોલમાં થાય છે ત્યારે નવરાતના પવિત્ર દિવસોમાં આમ નાગરિકોની વિશેષ ધાર્મિક ભાવનાઓ જોડાયેલી હોવાથી પર્વની ઉજવણીમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. જેને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ - ૨૦ માં તમામ સરકારી અને ખાનગી શાળા કોલેજોમાં નવરાત્રી દરમિયાન ૮ દિવસનુ વેકેશન આપવા જાહેરાત કરી છે. જયારે દિવાળીમાં પણ ૧૩ દિવસના વેકશનની જાહેરાત કરતા નાગરિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ખાસ કરીને નવરાત પર્વને અનુલક્ષી વેકેશન જાહેર થતા શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર વ્યાપી છે.

નવલી નવરાત દરમિયાન શાળા કોલેજોમાં વેકેશન રહેશે. વર્ષ ૨૦૧૯-૨૦ ના ચાલુ શૈક્ષણિક કેલેન્ડર વર્ષમાં પણ નવરાત્રી વેકેશન ચાલુ રાખવા રાજય સરકારે નિર્ણય લીધો છે. ગત વર્ષે પણ શાળા કોલેજોમાં નવરાતનુ વેકેશન આપવામાં આવ્યુ હતુ. પરંતુ થોડા સમય અગાઉ મળેલી શિક્ષણ બોર્ડના સભ્યોની બેઠક દરમિયાન નવરાતમાં વેકેશન નહીં આપવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓમાં નારાજગી વ્યાપી હતી. જયારે ગરબારસિક યુવક યુવતિઓ પણ આ વાતને લઈને અપસેટ થયા હતા. ગત વર્ષ દરમિયાન નવરાત્રીમાં શાળા કોલેજમાં વેકશન જાહેર કરાતા આદ્યશકિતની ઉપાસનાના આ પર્વની ઉજવણીનો ઉત્સાહ બેવડાયો હતો. જયારે આ વર્ષે પણ આ મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા નવરાતનુ વેકેશન આપવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષી સરકારે આગામી તા ૩૦ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર દરમિયાન ૮ દિવસનુ શાળાઓમાં નવરાત્રી વેકેશન જાહેર કરાયુ છે. જયારે દિવાળી વેકેશન પણ તા ૨૫ ઓકટોબરથી ૬ નવેમ્બર દરમિયાન ૧૩ દિવસનુ રહેશે. સરકાર દ્વારા લેવાયેલો આ નિર્ણય રાજયની તમામ સરકારી ખાનગી પ્રાથમિક શાળાઓ ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

# ખ-માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે અધુરુ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૨૮

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે ગત વાઈબ્રન્ટ સમિટના અંતે બાકી રહેતા કામો

**ખ -૬ થી ખ-૭ વચ્ચે વરસાદી દિવસો પુર્વે કામ પુર્ણ કરી દેવાશે : જુનથી આગામી ત્રણ મહીના રસ્તાના કામો હાથ ધરવામાં નહીં આવે**

હજુ સુધી પુર્ણ કરાયા નથી. તંત્ર દ્વારા તબક્કાવારા કામોને મંજુરી આપી દેવાયા બાદ હજુ માર્ગ સુધારણાને અનુલક્ષી કામગીરી બાકી છે. ત્યારે ટુંકમાં જ વરસાદી દિવસો શરૂ થતા રસ્તાના કામો આગામી ત્રણ મહીના સુધી હાથ ધરી શકાશે નહીં.બીજીતરફ હાલ ખ માર્ગને સિકસલેન બનાવાની યોજનાનુ અધુરુ કામ પણ હાથ ધરાયુ છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા બે મહીનાથી ઠપ્પ થઈ ગઈ હતી.આગામી વરસાદી દિવસોમાં પણ માર્ગ સુધારણાના

● અનુસંધાન પાન-૭ પર



## વધુ ૩ ટ્યુશન ક્લાસીસ સીલ કરતુ મનપા તંત્ર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ફાયરસેફ્ટી અંગે હાથ ધરાયેલ સર્વેલન્સની કામગીરી આજે પણ ચાલુ રહેવા પામી હતી.

આજે ૨૩ સંકુલોને નોટીસ આપવા ઉપરાંત ટ્યુશન ક્લાસીસને સીલ મારવામાં આવેલ છે.તંત્રની છ જેટલી ટીમો દ્વારા ૧ શૈક્ષણિક સંસ્થા, ૧ હોસ્પિટલ, ૧ હોટલ, ૬ કોમ્પ્લેક્ષ મોલ તેમજ હોસ્ટેલ, લાયબ્રેરી, લેબોરેટરી, અર્ધ સરકારી કચેરી, કોલેજ સંકુલની તપાસ હાથ ધરવામાં આવી હતી.

૨૩ સંકુલના સંચાલકોને ફાયરસેફ્ટીના મુદ્દે નોટીસ આપવામાં આવી છે જેમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા, હોટલ, કોમ્પલેક્ષ મોલ સહિતના સંકુલોનો સમાવેશ થાય છે.

# જિલ્લાની તમામ શાળાઓને સપ્તાહમાં ફાયર સેફટીની કાર્યવાહી પૂર્ણ કરવા સુચના

**જિલ્લા શિક્ષણાધિકારીએ આજે પણ ચાર શાળામાં સલામતીના પરિબળો અંગે નિરિક્ષણ કર્યુ : તમામ ખાનગી, સરકારી શાળાઓને ડીઇઓની સુચના**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લાની ૧૩૦૦ જેટલી ખાનગી તેમજ સરકારી શાળાઓમાં ફાયર સેફટીના મામલે અત્યાર સુધી તપાસ કરવામાં આવી છે. આ પૈકી મોટાભાગની શાળાઓ પાસે ફાયર સેફટીના સાધનો હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ ફાયર સેફટી એન ઓ સી ન હોવાની હકીકત પણ ધ્યાને આવી છે. ત્યારે આગામી સાત દિવસમાં તમામ શાળાઓએ સલામતીના પરિબળોને યોગ્ય કરવા અંગેની કાર્યવાહી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સુચના આપી છે.

ગાંધીનગરની શાળાઓમાં ફાયર સેફટીના મામલે ચકાસણી હાથ ધરવામાં આવી છે. સુરતની ઘટના બાદ ફાયર સેફટીનો મુદ્દો મુખ્ય બન્યો છે.ત્યારે જિલ્લાની તમામ શાળાઓ ફરજિયાત આ સુવિધાથી સજજ રાખવા માટે પણ તંત્ર કામે લાગ્યુ છે. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લાની ૧૩૦૦ જેટલી ખાનગી તેમજ સરકારી પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ચકાસણી હેઠળ આવરી લેવામાં આવી છે. જયારે જિલ્લાની આ શાળાઓ પૈકી મોટાભાગની શાળાઓમાં ફાયર એકસ્ટીંગ્યુઝર તેમજ અગ્નિશામક બોટલ્સ ઉપલબ્ધ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરંતુ આ શાળાઓ પાસે એન ઓ સી ન હોવાથી જિલ્લા શિક્ષણ તંત્રએ લાલ આંખ કરી છે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ શાળાઓને આગામી ૭ દિવસમાં જ ફાયર સેફટી અંગે એન ઓ સી લેવાની પ્રક્રીયા પુર્ણ કરી દેવા માટે પણ સુચના આપી છે. જયારે આજે પણ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ચાર જેટલી શાળાઓમાં ફાયર સેફટીના મુદ્દે નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓને ફાયર સેફટીનુ એન ઓ સી મેળવી લેવા કડક સુચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં નવુ શૈક્ષણિક સત્ર ચાલુ થશે. જયારે આ પુર્વે શાળાઓમાં એન ઓ સી મેળવી લેવાનુ અનિવાર્ય બન્યુ છે. ત્યારે શાળાઓમાં ફાયર સેફટીના મુદ્દે પણ જનજાગૃતિ કેળવાઈ છે.


**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**ટાટા સૂમો વેચવાની છે**

આથી રસ ધરાવતી વ્યક્તિઓ / પેઢીઓને જણાવવાનું કે બેન્કની ટાટા સૂમો રજિસ્ટ્રેશન નં. ગ્જ-૧૮-મ્મ-૭૩૩૬ મોડલ-૨૦૧૩ વેચાણ કરવાની છે.

શરતો :-

(૧) ગાડીની તળિયાની કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/- છે

(૨) ગાડીના ભાવો જાહેરાતની તારીખથી દિન-૧૦માં સિલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

(૩) ભાવપત્રકની સાથે આ બેન્કની રૂ. ૧૫૦૦૦/-ની ફિક્સ ડિપોઝીટ રસીદ ૩૦ દિવસની મુદત માટેની ભાવપત્રક ભરનારના નામે સાથે ધી મેનેજર ગાંધીનગર કો.ઓ. બેન્ક લિ., ગાંધીનગર સંલગ્ન કરીને પાછળ ડીસ્ચાર્જ કરીને મોકલવાની રહેશે.

(૪) અરજદારે પોતાના સાદા કાગળ ઉપર અથવા લેટર પેડ ઉપર ભાવપત્રક આપવાનું રહેશે.

(૫) વધુ ભાવ ભરનારને બેન્ક વેચાણ આપવાનું નક્કી કરશે. તેમ છતાં પણ બેન્કને જો સંતોષકારક કિંમત નહિ મળે તો રૂબરૂ જાહેરાત કરીને હરાજીથી વેચાણ કરી શકશે અને તેમ છતાં પણ સંતોષકારક બોલી નહિ આવે તો બેન્ક ગાડીના વેચાણનો કાર્યક્રમ મોકૂફ રાખી શકશે.

(૬) ગાડી ટ્રાન્સફર કરવાનો ખર્ચ વેચાણ લેનારે ભોગવવાનો રહેશે.

(૭) વેચાણનો સોદો ફાઈનલ કર્યા બાદ દિન-૫ની અંદર રોકડ રકમ ભરીને ગાડી છોડાવી જવાની રહેશે અથવા ચેક દ્વારા પેમેન્ટ કરવામાં આવશે તો ચેક વસુલ થયા બાદ જ દિન-૫ની અંદર ગાડીની ડીલીવરી જે તે પરિસ્થિતિમાં આપવામાં આવશે.

(૮) રસ ધરાવતી વ્યક્તિઓ બેન્કના ઉપરોક્ત સરનામે બપોરે ૨.૦૦ થી ૪.૦૦ના ગાળામાં રૂબરૂ આવીને ગાડી જોઈ શકશે.

(૯) વેચાણ અંગેના હક્ક સંપૂર્ણપણે બેન્કને અબાધિત રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટર**



**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**ફર્નિચર અંગે આર્કિટેક્ટની નિમણૂંક બાબતે**

આથી રસ ધરાવતી વ્યક્તિઓ / પેઢીઓને જણાવવાનું કે બેન્કની નીચે જણાવેલ સરનામાવાળી જગ્યાઓમાં ફર્નિચર કામ કરાવવા માટેની ડિઝાઈન તૈયાર કરવી, ટેન્ડર પેપર, અંદાજપત્ર તથા ફર્નિચર અંગેના અન્ય જરૂરી કામો કરવા માટે આર્કિટેક્ટની નિમણૂંક કરવાની હોઈ પોતાની ફી તથા અન્ય કોઈ ખર્ચ લાગુ પડતો હોય તે માટે પોતાની સંપૂર્ણ વિગતો, શરતો સાથેની દરખાસ્ત જરૂરી પ્રમાણપત્રો, કામકાજના અનુભવ સાથેનો બાયોડેટા વગેરે તૈયાર કરીને પોતાની દરખાસ્ત આ જાહેરાતની તારીખથી દિન-૧૦ની અંદર ઉપર જણાવેલ સરનામે રજીસ્ટર એડી. પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

**દરખાસ્ત કરનારે નીચે જણાવેલ સ્થળે રૂબરૂ જઈને સ્થળ ચકાસણી કરવાની રહેશે.**

(૧) ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ., દુકાન નં.૬, પ્લોટ નં. ૫૫૨, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૪, ગાંધીનગર સંપર્ક વ્યક્તિ : કલ્પેશ પટેલ, ફોન નં. ૯૮૯૮૭ ૮૯૮૯૯

(૨) ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ., દુકાન નં. ૨૯-બી, ૩૦-બી અને ૩૨ 'ટેન્જન્ટ' બિલ્ડીંગ, સરગાસણ ચાર રસ્તા કોર્નર, ગ્રાઉન્ડ ફ્લોર, ગાંધીનગર.

સંપર્ક વ્યક્તિ : શાખા મેનેજર દિપક શાહ, ફોન નં. ૯૪૨૮૫ ૯૭૯૮૭, ફોન નં. ૨૯૭૫૦૮૭૧

**મેનેજીંગ ડિરેક્ટર**



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧


## હવે રાજયસભાની બે બેઠકો માટે ગાંધીનગરમાં ધમધમાટ

**તોડવા-જોડવાની રાજકીય કૂટનીતિ શરૂ : સંખ્યાબળના આધારે કોંગ્રેસને રાજયસભાની એક બેઠક મળતી હોઇ તેને બચાવવા માટેનો પૂરે પૂરા પ્રયાસો કરાશે**

ગાંધીનગર, તા.૨૮

રાજયસભાની બેઠકને લઈને રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયુ છે. રાજ્યસભાની ૨ બેઠકને લઈને રાજનીતિ તેજ થઈ ગઈ છે. લોકસભાની ચૂંટણી જીત્યા બાદ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની બેઠક ખાલી પડશે તેથી બંને બેઠક પાછી મેળવવા ભાજપને ૧૧ મતની જરૂર છે. આ માટે ભાજપ દ્વારા કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોના મત ઓછા કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ અંતર્ગત રાજયનાં વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં બેઠક યોજાઈ

● અનુસંધાન પાન-૭ પર


**ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ બેંક લી.**

સી-૭/૮, શ્રી પોપટલાલ દાણી ભવન, અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૨૧, ગાંધીનગર

**ચૂંટણી અંગેની જાહેરાત**

આથી બેંકના તમામ સભાસદોને જણાવવાનું કે, બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત પૂરી થયેલ હોવાથી બેંકના પેટા નિયમને આધિન બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિયુક્તિ ચૂંટણી દ્વારા કરવાની છે. આ માટેનો ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ બેંકના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલો છે. જેની સર્વે સભાસદોએ નોંધ લેવા વિનંતી છે.

**તા. : ૨૮/૫/૨૦૧૯**

**સહી/-**

**(રામભાઈ અંબાલાલ પટેલ)**

**ચૂંટણી અધિકારી**


# શહેરમાં પ્લાસ્ટીક બાયલોઝ-૨૦૧૬ના અમલ માટેના નિયમોને સ્થાયીની મંજૂરી

ગાંધીનગર, તા. ૨૮

ગઈકાલે રાજય સરકારના મીઠા ઠપકાનો ભોગ બનેલ મનપાના વહીવટીતંત્રએ આજે સ્થાયી સમિતિમાં પ્લાસ્ટીક બાયલોઝને મંજૂર કરાવી લીધા છે. જે હવે સામાન્ય સભાને મંજૂરી માટે મોકલવામાં આવશે.

ગઈકાલે રાજય સરકાર દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના જાન્યુ.૧૯ના ચુકાદાને લઈ તેના અમલીકરણ માટેની સમીક્ષા કરવામાં આવી હતી. પ્લાસ્ટીક બાયલોઝને સ્થાયી સમિતિની મંજૂરી નહિ મળી હોવાથી ઉચ્ચ અધિકારીઓએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

આ પછી હરકતમાં આવેલ કમિશ્નરેટ દ્વારા સ્થાયી સમિતિને પૂરક એજન્ડામાં આ બાબતને સમાવી તાત્કાલિક મંજૂરી આપવા કરેલી ભલામણને આજે સ્થાયી સમિતિએ બહાલી આપવાની ઔપચારિકતા પૂર્ણ કરી સરકારને જાણ પણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિએ આપેલ મંજૂરી પછી આ આખોય મુદ્દો સામાન્ય સભાની મંજૂરી માટે મોકલી આપવાની ભલામણ કરી છે જેથી આગામી સામાન્ય સભામાં તેને બહાલી આપવામાં

**સરકારે નારાજગી વ્યક્ત કરતાં હરકતમાં આવેલ તંત્રએ આજે સ્થાયી સમિતિમાં પૂરક એજન્ડાથી બાયલોઝની મંજૂરી મેળવી**

આવશે.

સ્થાયી સમિતિએ પ્લાસ્ટીક બાયલોઝને આપેલ મંજૂરીને પગલે હવે સેનીટેશન ડિપાર્ટમેન્ટમાં ખાસ જગ્યા ઉભી કરવાની પણ કાર્યવાહી હાથ ધરવાની થશે.

આ બાયલોઝમાં કરાયેલ જોગવાઈ મુજબ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ-૨૦૧૬ અનુસાર ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીક કેરી બેગના વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

પ્રતિબંધિત પ્લાસ્ટીક કેરી બેગના વપરાશ પર, ખુલ્લામાં પ્લાસ્ટીક વેસ્ટને બાળવા વગેરે અપરાધ માટે પ્રથમ તબક્કામાં રૂ. ૫૦૦, બીજા તબક્કામાં રૂ. ૧૦૦૦ અને ત્રીજા તબક્કામાં રૂ. ૨૫૦૦ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

ખુલ્લામાં પ્લાસ્ટીક કચરો નાખવો તથા બાળવા પર પ્રતિબંધ લાદવા ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા લાગુ પાડવામાં આવેલ વપરાશકર્તા ફી તમામ પ્લાસ્ટીક વેસ્ટ વપરાશકર્તાઓએ ચુકવવાની રહેશે.

પેટ બોટલના ઉત્પાદનકર્તા, વિક્રેતા, વપરાશકર્તાઓએ બાય બેક મિકેનીઝમ અંતર્ગત કલેક્શન સેન્ટર, રીવર્સ વેન્ડીંગ મશીન, કશીન મશીનની વ્યવસ્થા કરવાની રહેશે.

દુકાનદારો, ફેરિયાઓ, રિટેઈલરો, હોલસેલરો તેમના ઉત્પાદનના વેચાણ અર્થે પુરી પાડવામાં આવતી પ્લાસ્ટીક કેરી બેગની કિંમત વસુલવાની રહેશે. આ ઉપરાંત પ્લાસ્ટીક વેસ્ટના કલેક્શન સેન્ટર ઉભા કરવાની જવાબદારી બ્રાન્ડ ઓનર્સ તથા ઉત્પાદનકર્તાઓની રહેશે. તથા તેઓએ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા ઉભી કરવા મનપાને નાણાંકીય સહાય પણ કરવાની રહેશે.

ગાંધીનગર શહેરમાં મનપા પાસે સફાઈની એક માત્ર સેવા હોવા છતાં પુરી સફાઈ કરી શકતી નથી ત્યાં આજે પ્લાસ્ટીક બાયલોઝને મંજૂર કરી અમલવારી કરવાના નિર્ણયને પગલે લોકોમાં પણ શંકા-કુશંકાના વાદળો ઘેરાયા છે.


www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com